ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૪ ઓક્ટોબર, ૨૦૨૬

# જ્યાં સ્ત્રીઓ પૂજાય છે ખરી, પણ તેમને સાચવી નથી શકાતી

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ।, આ શ્લોક નવો નથી. આપણે તેનો અર્થ પણ સમજીએ છીએ; જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. મહિલા દિવસનાં બેનરો પર, શાળાની પ્રાર્થનાસભાઓમાં અને પોતે જમેલા ભોજન માટે ક્યારેય રસોડામાં ઊભા ન રહેલા પુરુષોનાં ભાષણોમાં એ સાંભળવા મળે છે. 11 ઓક્ટોબરથી નવરાત્રિ શરૂ થશે એટલે, શક્તિ અને ભક્તિ ઉજવાશે. અંબા, દુર્ગા પૂજાશે અને માર્કેટિંગના માંધાતાઓ નારી સન્માનનો ઓચ્છવ કરશે.

આ પંક્તિઓ મનુસ્મૃતિની છે. એ જ ગ્રંથમાં, થોડા અધ્યાય પછી, બીજો એક શ્લોક પણ આવે છે, જેને આપણે ભાગ્યે જ ટાંકીએ છીએ. પિતા રક્ષતિ કૌમારે ભર્તા રક્ષતિ યૌવને। રક્ષન્તિ સ્થવિરે પુત્રા ન સ્ત્રી સ્વાતન્ત્ર્યમર્હતિ॥ બાળપણમાં પિતા તેનું રક્ષણ કરે, યુવાનીમાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રો. સ્ત્રી સ્વતંત્રતાની અધિકારી નથી.

બંને શ્લોક એક જ પુસ્તકમાં છે. એકની હાજરીથી બીજાને ક્યારેય સંકોચ થયો હોય એવું લાગતું નથી. જરા થોભીને વિચારવા જેવી વાત આ છે. આ દેશમાં સ્ત્રીને બેસાડી તેને પૂજવાનું આસન અને તેને પૂરવાનું પાંજરું ઘણી વાર સાથે જ બન્યાં છે. સ્ત્રી પર દેખરેખ રાખવાનો અધિકાર છોડ્યા વિના તેની પૂજા કરતાં આપણે શીખી ગયા છીએ.



સપ્ટેમ્બરમાં બે ઘટનાઓએ આપણને આ યાદ અપાવ્યું. બંને વચ્ચે બે દિવસ અને લગભગ એક હજાર કિલોમીટરનું અંતર હતું.

19 સપ્ટેમ્બરે બિહારના જમુઈ જિલ્લામાં શાળામાં ભણતાં બે બાળકો કોચિંગ ક્લાસમાંથી સ્કૂટર પર પાછાં આવી રહ્યાં હતાં. એક છોકરી અને તેનો મિત્ર. એક ટોળાએ તેમને રોક્યાં, સવાલો કર્યા, છોકરાને માર્યો અને છોકરીના શરીર સાથે અશ્લીલ અડપલાં કર્યાં. વીડિયોમાં છોકરી હાથ જોડીને પોતાને છોડી દેવાની આજીજી કરે છે. એક હુમલાખોર તેને ઊંચકી લે છે અને કેમેરા બધું રેકોર્ડ કરતો રહે છે.

બાળકો પોલીસ પાસે ગયાં જ નહોતાં. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓએ તેમને ધમકાવ્યાં હતાં. વીડિયો વાઇરલ થયો પછી જ પોલીસે તેમાં દેખાતા વાહનના રજિસ્ટ્રેશન નંબર પરથી બાળકોને શોધી કાઢ્યાં. ગુનાને પોલીસ સુધી પહોંચાડનારું રેકોર્ડિંગ હુમલાખોરોએ પોતે જ કર્યું હતું.

બે દિવસ પછી, 21 સપ્ટેમ્બરે, ફરીદાબાદની એક 17 વર્ષની છોકરી પોતાના જન્મદિવસે દિલ્હી આવી હતી. એક મિત્ર સાથે કાલકાજી મંદિરે દર્શન કરીને તે નજીકના આસ્થા કુંજ પાર્કમાં ગઈ. પોલીસના જણાવ્યા પ્રમાણે ત્રણ પુરુષો પોતાને પોલીસવાળા ગણાવીને તેમની પાસે આવ્યા. બંનેને છૂટાં પાડ્યાં અને હથિયારોની ધમકી આપીને છોકરી પર બળાત્કાર કર્યો. તે મંદિરેથી આવી હતી. દેવીના દર્શન કરીને.

જમુઈમાં ટોળાએ બે બાળકોને સાથે ફરવા નીકળવા બદલ સવાલો કર્યા. આ સૂર નૈતિકતાના રખેવાળનો છે, જેને આ જવાબદારી કોઈએ સોંપી જ નથી. દિલ્હીમાં પુરુષોએ પોતે પોલીસ હોવાનો દાવો કર્યો. આ દાવાને બળ આપતી સામાજિક સમજ આપણાથી અજાણી નથીઃ જાહેર સ્થળે છોકરીની હાજરીનો હિસાબ માગવાનો અધિકાર પુરુષને છે.

ભારતનાં બગીચાઓમાં કેટલાંય યુગલોએ આ દૃશ્યનો કોઈ ને કોઈ અનુભવ કર્યો હશે. કારની બારી પર ટકોરા. પિતાનો ફોન નંબર માગવો. વેલેન્ટાઇન્સ ડે પર દરોડા, એન્ટિ-રોમિયો સ્ક્વોડ અને તેમની પાછળ ફરતા TVના કેમેરા. માત્ર કોઈ પુરુષ સાથે હોવાને કારણે યુવતી પાસે ખુલાસો માગી શકાય એવા માહોલમાં પોલીસ હોવાનો ખોટો દાવો પણ કામ કરી જાય છે.

જમુઈની ઘટના વિશે પૂછવામાં આવ્યું ત્યારે બિહારનાં મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય શ્રેયસી સિંહે બાળકો સાથે થયેલા વર્તનની નિંદા કરી. એ જ જવાબમાં તેમણે કહ્યું કે મોરલ પોલીસિંગ વધુ ‘ડીસન્ટ’ અને ‘એલિગન્ટ’ રીતે પણ થઈ શકે. પછી તેમણે પોતાનાં શબ્દોને સંદર્ભમાંથી છૂટા પાડીને રજૂ કરાયા હોવાનું કહ્યું અને આવી ઘટનાઓ સહન નહીં કરાય એમ ફરી જણાવ્યું.

હુમલાની નિંદા થઈ. છોકરી પર દેખરેખ રાખવાનો માની લીધેલો અધિકાર બચી ગયો. ઘરમાં એ જ અધિકાર સારા ઉછેરને નામે સ્વીકારાઈ શકે છે.

11 ઓક્ટોબરે નવરાત્રિ શરૂ થશે. ગુજરાતનાં મેદાનો અને મુંબઈના બેન્ક્વેટ હોલ ગરબા રમનારાઓથી ભરાશે.

ત્યાં એન્ટ્રી ગેટ પણ હશે. ગયા મહિને વિશ્વ હિન્દુ પરિષદે મહારાષ્ટ્રના ગરબા અને દાંડિયાના આયોજકોને મુસલમાનોને પ્રવેશ ન આપવા, આધાર કાર્ડ તપાસવા અને તિલક ફરજિયાત કરવા કહ્યું હતું. સંગઠન આવા પ્રતિબંધોને ઉત્સવનું ધાર્મિક સ્વરૂપ જાળવવાના ઉપાય તરીકે રજૂ કરે છે. આવી જ ઝુંબેશોમાં હિન્દુ સ્ત્રીઓના રક્ષણનો દાવો પણ કરાતો રહ્યો છે.

એન્ટ્રી ગેટ પર પુરુષનું નામ તપાસાય છે. તેનો ધર્મ તપાસાય છે. તેના હાથ નહીં.

તિલક પરથી પુરુષ કઈ શ્રદ્ધાનો દાવો કરે છે એટલું જાણી શકાય. અંધારી સડક પર, છટકી ન શકે એવી છોકરી સાથે તે કેવું વર્તન કરશે એ જાણી શકાતું નથી. બીજા ધર્મના પુરુષોને બહાર રાખવાથી અંદર આવેલા પુરુષો સ્ત્રીની સંમતિનું માન રાખશે એની કોઈ ખાતરી મળતી નથી. પણ બીજાના દીકરાઓ પર નજર રાખવાનું કારણ મળી જાય છે અને આપણા પોતાના દીકરાઓ સવાલોમાંથી છટકી જાય છે.

### એક શ્લોક આપણે ટાંકીએ છીએ, બીજો ટાળીએ છીએ કારણકે આપણે દંભી અને છીછરા છીએ

2014માં લાલ કિલ્લા પરથી પોતાના પ્રથમ સ્વાતંત્ર્ય દિનના સંબોધનમાં વડાપ્રધાને એ મંચ પરથી ભાગ્યે જ સાંભળવા મળતી એક વાત કરી હતી. માતા-પિતા દીકરીઓને પૂછે છે કે ક્યાં જાય છે, ક્યારે પાછી આવશે. શું તેઓ દીકરાઓને પણ આ જ સવાલો પૂછે છે? બળાત્કારી પણ કોઈનો દીકરો જ હોય છે, એમ તેમણે યાદ અપાવ્યું હતું.

વાત સાચી હતી. બાર વર્ષ પછી પણ તેને ફરી કહેવાની જરૂર પડે છે.

આસ્થા કુંજની ઘટના પછી લેડી શ્રીરામ કોલેજની વિદ્યાર્થિનીઓએ પત્રકારોને કહ્યું કે કોલેજની બહાર થતી છેડતી અને અશ્લીલ હરકતો રોજિંદી બાબત છે. દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટીએ સુરક્ષા વધુ કડક કરવાનાં પગલાં જાહેર કર્યાં. મુલાકાતીઓને સલાહ અપાઈ કે, સૂર્યાસ્ત પછી પૂરતો પ્રકાશ હોય એવા રસ્તાનો ઉપયોગ કરો.

...અનુસંધાન પાના નં. 4 પર

## બાય ધી વે

અષ્ટમીએ ઘણાં ઘરોમાં કન્યા પૂજન થશે. નાની છોકરીઓને હારબંધ બેસાડાશે. તેમના પગ ધોવાશે. તેમને શીરો, પૂરી અને ચણા ખવડાવાશે. લાલ ચૂંદડી અને સિક્કો અપાશે. સાક્ષાત્ દેવી ગણીને તેમને નમન કરાશે. પછી તેઓ ઊભી થશે અને વિધિ પૂરી થઈ જશે. થોડાં વર્ષોમાં એ જ છોકરીઓ કોચિંગ ક્લાસમાં જવાની, સ્કૂટર પર ફરવાની અને જન્મદિવસે જાતે મંદિરે દર્શન કરવા જવાની ઉંમરે પહોંચશે. ત્યાં સુધીમાં સવાલો શરૂ થઈ ગયા હશે. ક્યાં જાય છે? એ કોણ છે? આટલું મોડું કેમ? સવાલો બંધ થાય તેની ઘણાં સમય પહેલાં તેને અપાતું માન બંધ થઈ જાય છે. પેલા લોકપ્રિય શ્લોકનો બીજો ભાગ પણ છે, જે ભાગ્યે જ છપાય છે. યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વાસ્તત્રાફલાઃ ક્રિયાઃ। જ્યાં સ્ત્રીઓનું સન્માન નથી થતું, ત્યાં બધી ધાર્મિક વિધિઓ નિષ્ફળ છે. તો પછી ભક્તિ, શક્તિ અને આરતીની નવ રાત. દીવા અને ઢોલની નવ રાત. પ્રવેશદ્વારે તિલક પણ ખરું. આ બધાનું મૂલ્ય કેટલું, એ શ્લોકમાં જ જવાબ મળી જાય છે.

## જગતમાં અશાંતિ :
# માજી જો નાવ ડૂબોયે ઊંસે કોન બચાએ?

કબીરા ખડા બજાર મેં
વિન્સી મરચન્ટ

મોટાભાગના કિસ્સાઓમાં તબાહી ઘરમાં, નગરમાં, દેશમાં કે દુનિયામાં એટલી પહોંચતી નથી ત્યાં સુધી માનવી જાગતો નથી. દુનિયા આજે આવી રહેલી ત્રણ ત્રણ તબાહીઓનો, સર્વવિનાશનો સામનો કરી રહી છે. દુઃખની વાત એ છે કે આ વિનાશની તમામ શક્યતાઓ માનવસર્જિત છે. વધુ દુઃખદ વાત એ છે કે એ વિનાશના પ્રાયોજકો તરીકે દુનિયાના આઠ અબજમાંથી માત્ર ચાર-પાંચ જણા છે અને બાકી એમનાં અમુક પ્યાદાં છે. મોટા ભાગની દુનિયા આવી રહેલી વિપદાઓથી કાં તો અજાણ છે અને કાં તો અસહાય છે. મોટા ભાગના ઈચ્છે છે કે દુનિયા શાંતિથી જીવે.

એ ડર સાવ સાચો છે કે દુનિયાએ તેના ઈતિહાસમાં અમુક સમય પછી નવતર આપદાઓનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. જે ત્રણ મહત્ત્વની આપદાઓ છે તેમાં એક યુદ્ધકીય છે, જે નવતર નથી, પરંતુ માનવીની લાલચનું એક વધુ પુનરાવર્તન છે. કહો કે દસ લાખનું કે દસ કરોડનું પુનરાવર્તન છે. કુદરતે તમામ જીવોને લડવાની અને યેનકેનપ્રકારેણ બીજાનું પચાવી પાડવાની વૃત્તિ આપી છે. ગાયો, ગોધાંઓ, કૂતરાં, બિલાડાં આપસમાં જનૂનપૂર્વક લડે છે. પરંતુ તેમને માનવી જેવું મગજ નથી. આ કારણથી યુદ્ધનું જોખમ દાયકા પછીની સદીઓ અને મિલેનિયમોમાં પણ બરકરાર રહેશે. લાગે છે કે પૃથ્વીનું સંચાલન કરવાની કુદરતી પ્રક્રિયાનો જ તે એક ભાગ છે. એટલે જ તો અબજોના જગતમાં માત્ર ચાર-પાંચ માણસોનું ચાલે છે.

યુદ્ધની આપદાને દુનિયાના વિશાળ ઈતિહાસની વિન્ડોમાં હંગામી સમય માટે દૂર કરી શકાય. દુનિયાના રહેવાસીઓ મગજ, બુદ્ધિ અને અનુભવનો ઉપયોગ કરે છે. માણસ જ્યારે ઈતિહાસમાંથી કશું શીખતો નથી ત્યારે ઈતિહાસનું પુનરાવર્તન થાય છે. યુદ્ધમાં દરેક પ્રકારનાં પરિણામોનો માણસને અનુભવ છે. ક્યારેક સારાં પરિણામો મેળવવા, દુર્યોધનવૃત્તિને ધ્વસ્ત કરવા યુદ્ધ કરવું પડતું હોય છે. આ દુર્યોધનવૃત્તિ આજે દુનિયામાં ખીલી ઊઠી છે. દુનિયામાં ચાર-પાંચ દુર્યોધનો ડાહ્યા બને તો શાંતિ જ છે. આ ચાર-પાંચમાં પ્રથમ ડોનાલ્ડ ટ્રમ્પ, બીજા વ્લાદિમીર પુતિન, ત્રીજા ઈરાનના સર્વોચ્ચ નેતા મુસાફર ખામૈની (એ જીવતા છે કે નહીં? કોઈ બિછાણ લે છે ને કોઈ ભણાતું નથી) અને ચોથા બેન્જામિન નેતન્યાહૂ છે. આમાંના ટ્રમ્પ અને નેતન્યાહૂએ યુદ્ધની પ્રથમ શરૂઆત કરી ન હતી. ઈરાનપોષિત હમાસે ૭મી ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પર અચાનક હુમલો કર્યો. બારસો જેટલા ઈઝરાયલી નાગરિકોને ક્રૂરતાપૂર્વક મારી નાખ્યા, જેઓ તેમના યોમ કિપ્પુરના ઉત્સવ જાહેર સ્થળોએ ઉજવી રહ્યા હતા. બીજા બસ્સો જણાનું અપહરણ કરી બંધક બનાવ્યા. એ હુમલા પાછળ ખરા દુર્યોધન તરીકે ઈરાનના ત્યારના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલ-ખામેની હતા, જે બાદમાં અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં માર્યા ગયા છે, પરંતુ તેમનો વૈચારિક આત્મા હજુ ઈરાનમાં અકબંધ છે.



એ હમાસી હુમલાને આજકાલમાં ત્રણ વર્ષ પૂરાં થશે, પણ જે ચિનગારી ભડકી તેને ઈઝરાયલે જવાબ બનાવી દીધી. અમેરિકાની મદદ વડે ઈરાન અને તેનાં હિતોને એટલી હદે ખેદાનમેદાન કરી નાખ્યાં છે કે ઈરાનને આર્થિક રીતે બેઠા થવામાં હજુ દાયકાઓ લાગી જશે. એ પણ ત્યારે, જ્યારે યુદ્ધ બંધ થઈ જાય તો. એ હજુ બંધ થયું જ નથી. અમેરિકા, ઈઝરાયલ કે ઈરાનમાંથી કોઈ મચક આપતું નથી. અણુશસ્ત્ર, પરમાણુ બોમ્બ બનાવવાની જીદ લઈને ઈરાન બેઠું છે. તે માટે એટલું પોતાનું નુકસાન કરાવશે, જેની અનેક પરમાણુ શસ્ત્રો વડે પણ ભરપાઈ નહીં થઈ શકે? ઈરાનનો દાવો છે કે તે સ્વબચાવ માટે અણુશસ્ત્ર ઈચ્છે છે. તો ઈઝરાયલ પાસે ખાનગીમાં અનેક અણુબોમ્બ છે. શું ઈઝરાયલે ક્યારેય તેનો ઉપયોગ કર્યો? સામે પક્ષે ઈઝરાયલને ઈરાનનાં સંભવિત અણુશસ્ત્રોનો ડર લાગે છે. વળી, ઈરાને અનેક વખત ઈઝરાયલને નેસ્તનાબૂદ કરવાની ઈચ્છા સત્તાવાર રીતે જાહેર કરી છે. પરંતુ દુનિયાના કોઈ પણ પ્રદેશ પર આ રીતે અણુહુમલો કરવાનું આજના સમયમાં આસાન નથી રહ્યું. જગતનો પાંચમો દુર્યોધન પાકિસ્તાનનો જનરલ અસીમ મુનીર ધમકીઓ આપતો રહે છે. સાથે મિત્ર દેશ સાઉદી અરેબિયા, જેની સાથે સંરક્ષણ સહાયના મક્કા કરાર થયા છે, તેને માટે પણ લડવા જતો નથી અને દુનિયામાં ભીખ માગતો રહે છે.

ટૂંકમાં, ખામેનીના હમાસ અને હિઝબુલ્લાહનો સત્યાનાશ થયો છે. હજુ યુદ્ધનો અંત આવ્યો નથી. દુનિયાનાં અર્થતંત્રો, જળમાર્ગો અને સત્તાનાં સમીકરણો છેલ્લાં ત્રણ વર્ષમાં ખૂબ બદલાઈ ગયાં છે. ટ્રમ્પ, ખામૈની અને નેતન્યાહૂ પોતપોતાની જીદ છોડે તો અડધી દુનિયામાં શાંતિ સ્થાપી શકાય તેમ છે.

આ થઈ અડધી દુનિયાની શાંતિની વાત. બાકીની લગભગ અડધી દુનિયાની શાંતિની ચાવી રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનના હાથમાં છે. વર્ષ ૨૦૨૨ની ૨૪ ફેબ્રુઆરીના રોજ રશિયાએ પાંચ-દસ દિવસમાં સમગ્ર યુક્રેન કબજે કરી લેવાની અભિલાષા સાથે આક્રમણ કર્યું હતું અને આજે લગભગ સાડા ચાર વર્ષ સુધી એકબીજા પર વિનાશ વરસાવ્યા બાદ પણ શાંતિની સંભાવના જણાતી નથી, બલ્કે વધુ અશાંતિની શક્યતા જણાય છે. હાસ્યાસ્પદ વાત સદા એ છે કે ખુદ શિકારીઓ જ ફરિયાદ કરી રહ્યા છે કે સસલાંઓનું જીવન અશાંત બની ગયું છે.

### દુનિયા આજે આવી રહેલી ત્રણ ત્રણ તબાહીઓનો, સર્વવિનાશનો સામનો કરી રહી છે, દુઃખની વાત એ છે કે આ વિનાશની તમામ શક્યતાઓ માનવસર્જિત છે

ગયા ગુરુવારે પુતિન ખુદ બોલ્યા કે દુનિયા એક ખૂબ નાજુક અને જોખમી તબક્કામાંથી પસાર થઈ રહી છે. કદાચ આ રીતે દુનિયાને ડરાવીને તેઓ ધમકી આપવા માગતા હશે. તેમણે ચેતવણી આપી કે યુક્રેન સાથેના રશિયાના યુદ્ધને વધુ ભડકાવવાના પશ્ચિમી દેશોએ પ્રયાસો કરવા નહીં. તેમણે એવી ધમકી આપી કે રશિયાની સરહદથી દૂર આવેલા રશિયાના કાલિનિનગ્રાદ પ્રદેશને કબજે કરવાનો નાટો દેશો પ્રયત્ન કરશે તો રશિયા અણુબોમ્બનો ઉપયોગ કરતાં પણ અચકાશે નહીં.

રશિયાની સરહદથી કાલિનિનગ્રાદ ત્રણસોથી ચારસો કિલોમીટર દૂર, બાલ્ટિક સમુદ્ર અને નાટોના સભ્ય દેશો પોલેન્ડ અને લિથુઆનિયાની વચ્ચે આવેલો રશિયાનો પ્રદેશ છે. બીજા વિશ્વયુદ્ધ અગાઉ એ જર્મનીના પૂર્વ પ્રશિયાની રાજધાની કાલિનિનગ્રાદમાં હતું અને યુદ્ધ પછીના કરારમાં એ હિસ્સો સોવિયેત સંઘને મળ્યો હતો. હવે રશિયાને શંકા ગઈ છે, અથવા શક્યતા જણાઈ છે કે કાલિનિનગ્રાદને રશિયામાંથી મુક્ત કરાવવા માટે નાટો દેશો સક્રિયપણે એક બની રહ્યા છે. જોકે, કોઈ પણ નાટો દેશના નેતાએ આવી ધમકી ઉચ્ચારી નથી. જોકે, પુતિને એમ પણ જાહેર કર્યું છે કે કોઈ અન્ય યુરોપીયન દેશ પર આક્રમણ કરવાની રશિયાની ઈચ્છા નથી અને તેઓ શાંતિથી સહઅસ્તિત્વ જાળવી રાખવા માગે છે. તેમણે એ જ પ્રવચનમાં એમ પણ કહ્યું કે રશિયાની કોઈ પણ ભૂમિ તેમ જ કાલિનિનગ્રાદ પર હુમલો થશે તો રશિયા પાસે જે શસ્ત્રો છે તેમાંથી કોઈ પણનો ઉપયોગ કરવામાં રશિયા અચકાશે નહીં. તે અમારા માટે અનિવાર્ય બનશે એમ કહેવાની સાથે તેઓ બોલ્યા કે, ‘અમે જાણીએ છીએ કે અમારા દુશ્મનો (નાટો દેશો)નાં લશ્કરી કદ અમારા કરતાં બમણાં છે. ફ્રાન્સ અને બ્રિટન પાસે અણુશસ્ત્રો છે. અમે તે બરાબર જાણીએ છીએ, છતાં દુનિયાના કોઈ પણ બીજા દેશ પાસે એવાં ખતરનાક શસ્ત્રો નથી, જેવાં આજે રશિયા પાસે છે.’ સર્વવિનાશ સર્જાય, પોતાનું પણ સત્યાનાશ જાય એ હદે યુદ્ધમાં કોઈ દેશ આગળ વધવાનું પસંદ નહીં કરે, છતાં માણસજાતનું ભલું પૂછવું! ક્લાઈવડબ્લ્યુબી એરલાઈન્સના પાઈલટ જેવું કોઈ વૈશ્વિક નેતાનું મગજ બની જાય તો ન થવાનું થઈ બેસે.

યુદ્ધો હજારો, લાખો વર્ષથી લડાતાં આવ્યાં છે, પરંતુ દુનિયા બે એવી આપદાઓની હદ પર જઈને ઊભી રહી ગઈ છે, જેના પરિણામોની ખબર છે, છતાં ચિંતા નથી. તેમાંની એક આબોહવા પરિવર્તન, બીજી AI અર્થાત્ કૃત્રિમ બુદ્ધિમત્તા તેમ જ ડિજિટલ યુગના સોશિયલ મીડિયાને લગતી છે. સોશિયલ મીડિયાના યુગની હજુ તો શરૂઆત જ છે, છતાં સમાજમાં તેની કેટકેટલી બધી માઠી અસરો ઘૂસી ગઈ છે તે આપણાં સંબંધો અને ગુનાખોરીના આધારે જોઈ શકીએ છીએ.

હમણાં જાપાનમાં પત્રકારોની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી. તેમાં જાપાનના વિદેશમંત્રી તોશિમિત્સુ મોટેગીએ જે કહ્યું તે દુનિયાએ ધ્યાનપૂર્વક સાંભળવા જેવું છે. એમણે કહ્યું કે, “નવી ટેક્નોલોજીને કારણે દુનિયામાં અને સમાજમાં સત્તાની સમતુલા તેમ જ વ્યવસ્થામાં પ્રચંડ ફેરફારો સર્જાયા છે. જનરેટિવ AIના યુગમાં સાચું શું? અને ખોટું શું? તે નક્કી કરવાનું મુશ્કેલ બનશે. દુનિયામાં આ ફેરફારો માનવી સામે એક મોટો પડકાર બનીને આવ્યા છે.”

## સિલી પોઈંટ

